શ્રી_____શાળા. તા._____જિ._____.

વિષય :- ગુજરાતી ત્રિમાસીક કસોટી ધોરણ :- 6 કુલ ગુણ : 40

==========

પ્રશ્ન-1. આપેલા ફકરાને આધારે પ્રશ્નોના જવાબ આપો. (અ.નિ. G6.3.2) **(04)**

કૃષ્ણકુમારસિંહજી પ્રજાકલ્યાણની ભાવનાવાળા રાજવી હતા. 'મારી પ્રજા સુખી રહો' તેવું સૂત્ર તેમણે અપનાવ્યું હતું. ખેતીને મદદરૂપ થવા તેમણે 1934માં ખેડૂતોનું દેવું માફ કર્યું હતું. એટલું જ નહીં તેમના પરનું શાહુકારોનું લેણું પણ રાજ્યે ભરી દીધું હતું. વધારામાં ગ્રામ સુધારણા ફંડ ઊભું કર્યું હતું. ખેડૂતોમાં બાળકોને અભ્યાસ માટે સ્કૉલરશિપ અપાતી હતી. ખેતીમાં યંત્રનો ઉપયોગ તેમણે શરૂ કરાવ્યો હતો. કામદાર પરિવાર સાથેની મુલાકાત વખતે મીઠું પકવવા દરિયાકાંઠે જમીન માટે માંગણી કરવામાં આવી. તેમને મહારાજાએ ઉદારતાથી કહ્યું કે ભાવનગર રાજ્યનો દરિયાકિનારો ખુલ્લો પડ્યો છે જોઈએ તેટલી જમીન માગી લો, રાજ્ય તે ઉદ્યોગ માટે રાહત ભાવે આપશે. ઉદ્યોગકારો ઈચ્છે ત્યાં સુધી તેનો ઉપયોગ કરે. આવા પ્રોત્સાહનથી ભાવનગરમાં મીઠાના ઉદ્યોગનો વિકાસ થયો.

પ્રશ્નો :

1. મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ખેડૂતોનું દેવું શા માટે માફ કર્યું?

A. ખેતીને મદદ કરવા માટે B. સ્કૉલરશીપ આપવા માટે C. મીઠું પકવવા માટે D. જમીન મેળવવા માટે

2. મીઠાના ઉદ્યોગને પ્રોત્સાહન આપવા મહારાજાએ શું કર્યું?

A. મીઠું મફત કરી દીધું. B. જમીન આપવામાં આવી.

C. મીઠું પકવવાના સાધન આપ્યા. D. ફંડ આપવામાં આવ્યું.

3. આ ફકરામાં દરિયા કિનારાના કયા ઉદ્યોગની વાત કરવામાં આવી છે?

A. ખેતીના B. મીઠાના C. શિક્ષણના D. મત્સ્યના

4. ફકરાને આધારે નીચેનામાંથી કઈ બાબત કૃષ્ણકુમારસિંહજીને લાગુ પડતી નથી?

A. પ્રજાકલ્યાણ ભાવના B. ખેડૂતોનું દેવું માફ કર્યું C. ખેડૂતોનું લેણું ભર્યું D. ઘરે ઘરે પાણી આપ્યું.

પ્રશ્ન : 2 આપેલી વાર્તા વાંચી પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને આપો. (G6.3.4) (04)

એક શેઠ હતા. તેમના ત્યાં બે મુનીમ કામ કરતા. એક વખતે શેઠને પરદેશ જવાનું થયું. શેઠે બંને મુનીમને પાંચ પાંચ મહોર આપી અને કહ્યું : 'આવીશ ત્યારે માગીશ.' એક મુનીમે પાંચ મહોર દાબડીમાં મૂકી દીધી અને તેને સલામત જગ્યા પર રાખી દીધી. બીજા મુનીમે પાંચ મહોરમાંથી થોડો માલ ખરીદ્યો, એને વેચ્યો અને નફો કર્યો. પાંચને બદલે હવે તેની પાસે દસ મહોર થઈ. તે ફરીથી ધંધો કરવાની ઇચ્છા ધરાવતો હતો ત્યાં શેઠ પાછા આવી ગયા. એમણે બંને મુનીમને કહ્યા પ્રમાણે બોલાવ્યા અને મહોરનો હિસાબ માગ્યો. શેઠના કહેવા પ્રમાણે પહેલા મુનીમે સાચવેલી દાબડી શેઠજીને આપી અને કહ્યું, 'લો શેઠજી! તમારી મહોર જેવી તમે આપી હતી, તેવી ને તેવી જ.' મુનીમને હતું કે શેઠ ખુશ થઈ જશે, પણ શેઠ કશું બોલ્યા નહીં. હવે બીજા મુનીમની પાસે હિસાબ માગ્યો. તેણે શેઠને દસ મહોર આપી.

શેઠે પૂછ્યું : 'મેં તો તમને પાંચ આપી હતી દસ કેમ આપે છે?' મુનીમે બધી વાત કરી. શેઠ ખૂબ પ્રસન્નતાથી તે દસ મહોર તેને પાછી આપી દીધી ને કહ્યું : 'આજથી તમે મારા વેપાર-ધંધામાં ભાગીદાર! હું તમારી સૂઝ અને સાહસથી ખુશ થયો છું.' પછી પહેલા મુનીમને કહ્યું કે તમે ધંધો કરી મહોર બેવડી ન કરી, પણ વ્યાજે મૂકી હોય તો પણ નફો થયો હોત તમને ધંધામાં સાથે ન રખાય! માત્ર

રખેવાળીનું જ કામ સોંપાય. હું તમને આજથી પેઢીની માત્ર દેખરેખ રાખવાનું. કામ સોંપું છું અને બીજા મુનીમને સાથે રાખી ભાગીદારી બનાવી રાખું છું. પછી તો શેઠ અને તેમના ભાગીદાર મળી ખૂબ કમાયા.

પ્રશ્નો :

1. શેઠની પરીક્ષામાં કોણ પાસ થયું? કેમ?

A. બીજા મુનીમ. કારણકે તેઓએ ડબલ મહોર કરી હતી.

B. પહેલા મુનીમ. કારણ કે જે મહોર આપી હતી એ જ સાચવી હતી.

C. પહેલા મુનીમ. કારણ કે તેઓએ મહોરની ચોરી થવા ન દીધી.

D. બીજા મુનીમ. કારણ કે તેઓ શેઠના વિશ્વાસુ હતા.

2. બીજા મુનીમે પાંચની દસ મહોર કરી, કારણ કે...

A. તે ખૂબ લાલચુ હતો.

B. તે શેઠને છેતરવા માંગતો હતો.

C. તે ખૂબ હોશિયાર, મહેનતુ અને સાહસિક હતો.

D. તેને ધંધો કરવાની કોઈ ઈચ્છા નહોતી.

3. તમે શેઠ હોત તો તમે કોને ભાગીદાર બનાવત અને કેમ?

A. પહેલા મુનીમને, કારણ કે તે જૂનો હતો.

B. પહેલા મુનીમને, કારણ કે તેણે પૈસા સાચવ્યા.

C. બીજા મુનીમને, કારણ કે તે નવું વિચારી શકે છે અને પ્રગતિ કરી શકે છે.

D. કોઈને નહીં, બધા પૈસા પોતે વાપરી કાઢત.

4. વાર્તાને આધારે નીચેનામાંથી કયો વિકલ્પ વાર્તાને સુસંગત નથી ?

A. પૈસા કબાટમાં સાચવી રાખીને તો બમણા થાય.

B. મળેલાં સાધનો કે પૈસાનો ઉપયોગ કરી કંઈક નવું શીખવું જોઈએ.

C. શેઠે મુનીમની પરીક્ષા લેવા સરખી મહોર આપી.

D. બીજા મુનીમે આપેલી મહોર બમણી કરી.

પ્રશ્ન : 3 આપેલી માહિતીના આધારે પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને આપો. (G6.3.4) (04)

પ્રશ્નો :

1. ટિકિટની વિગતોના આધારે, મુસાફરો ટ્રેનમાં કેટલો સમય (કલાક અને મિનિટ) વિતાવશે?

A. 10 કલાક અને 20 મિનિટ

B. 10 કલાક અને 50 મિનિટ

C. 11 કલાક અને 20 મિનિટ

D. 11 કલાક અને 50 મિનિટ

2. જો દાદા અને પૌત્ર બંને પોતાની સાથે 'આધાર કાર્ડની ઝેરોક્સ (નકલ)' લઈને જશે, તો નિયમ મુજબ શું થશે?

A. ઝેરોક્સ માન્ય હોવાથી તેઓ શાંતિથી મુસાફરી કરી શકશે.

B. ઓરિજિનલ આઈડી ન હોવાને કારણે તેમની મુસાફરી અમાન્ય થશે.

C. પૌત્ર નાનો હોવાથી માત્ર દાદાની ઝેરોક્સ જ ચાલશે.

D. ડિજિટલ ટિકિટ હોવાથી કોઈ પણ પ્રકારના આઈડીની જરૂર નહીં પડે.



૩. ટ્રેનનું નામ 'મુંબઈ સેન્ટ્રલ રાજધાની એક્સપ્રેસ' અને તેના રૂટ (અમદાવાદથી દિલ્હી) ને ધ્યાનમાં રાખીને તારણ કાઢો કે આ ટ્રેન ક્યાંથી શરૂ થઈ હશે?

A. આ ટ્રેન અમદાવાદથી દિલ્હી સુધીની છે.

B. આ ટ્રેન નવી દિલ્હીથી શરૂ થઈને મુંબઈ જતી હશે.

C. આ ટ્રેન મુંબઈથી શરૂ થઈને અમદાવાદ થઈને દિલ્હી જતી હશે.

D. ટ્રેન ક્યાંથી શરૂ થઈ તેની માહિતી ટિકિટ પરથી જાણી શકાતી નથી.

4. આ ઈ ટિકિટ ને આધારે કુલ 2,400 ચૂકવ્યા છે તો આ ભાડામાં કોણ કોણ અમદાવાદથી દિલ્હીની યાત્રા કરશે?

A. દાદા B. દાદા અને પૌત્ર C. પૌત્ર D. કોઈ નહીં

પ્રશ્ન : 4 (અ) માગ્યા મુજબ જવાબ આપો. (G6.6.1) **(02)**

(અ) કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો. (સડસડાટ, ઘડીક)

1. સાપ પોતાનો રાફડો જોઈને..... સરકી ગયો.

2. આકાશમાં વાદળો હતા છતાં ..... તડકો નીકળ્યો.

પ્રશ્ન-4 (બ) ઉદાહરણ મુજબ રેખાંકિત શબ્દ જવાબ તરીકે મળે તે રીતે પ્રશ્નો બનાવો. (G6.5.5) **(02)**

ઉદાહરણ : <u>મૈત્રી</u> <u>વેકેશનમાં</u> મિતાંશને દિલ્હી ફરવા લઈ ગઈ.

1. મિતાંશને દિલ્હી ફરવા કોણ લઈ ગયું?

2. મૈત્રી મિતાંશને દિલ્હી ક્યારે લઈ ગઈ?

(1) પપ્પા અને મમ્મી સાથે અમે <u>સરઘસ</u> જોવા <u>બસમાં</u> બેસીને ગયા.

પ્રશ્ન-4 (ક) નીચે આપેલા પ્રશ્નોમાં યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો(G6.7.4) **(02)**

1. અહીંથી નીકળી જાઓ મારે તમારી કોઈ વાત સાંભળવી નથી.

A. પ્રેમ B. ગુસ્સો C. સાહસ D. ડર

2. બિચારું! કેટલા દિવસથી ખાધું નહીં હોય?

A. ભય B. દયા C. સાહસ D. ડર

પ્રશ્ન : 5 (અ) આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (G6.4.3) **(06)**

1. તમારા ઘરમાં થોડાં સમય માટે વીજળી જતી રહે ત્યારે તમે શું શું કરો છો?

2. ગરુડ રાજાની જગ્યાએ તમે હો તો હાથીને શું સજા આપો? શા માટે?

3. તમને સૂર્ય, ચંદ્ર અને તારામાંથી શું વધારે ગમે? શા માટે?

પ્રશ્ન – 5(બ) માગ્યા મુજબ જવાબ આપો. (G6.5.6) **(06)**

1. ઉદાહરણ મુજબ શબ્દ આપી વાક્યમાં પ્રયોગ કરો

ઉદા. જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી- વિધવા (02)

વાક્ય - સરકાર વિધવા સ્ત્રીઓ માટે ઘણી કલ્યાણકારી યોજનાઓ ચલાવે છે.

1. વાદળાંની ગર્જના અને વીજળી = ...

2. રાત્રિના અંધકારમાં ટમટમતું જીવડું = ...

2. ઉદાહરણ મુજબ અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (02)

ઉદા. રવાડે ચઢવું - ખોટો માર્ગ લેવો.

વાક્ય - એકવાર વ્યસનના રવાડે ચઢો પછી પાછા વળી શકાતું નથી.

1. મોંમાંથી પાણી છૂટવું. = ...

3. નીચે આપેલા કોષ્ટકમાંથી માગ્યા મુજબના શબ્દ શોધીને લખો. (02)

1. આખા વર્ગ કે જાતિ માટે વપરાતો ભણવાની જગ્યાનો શબ્દ :
2. રસોઈમાં વપરાતો પ્રવાહી પદાર્થ દર્શાવતો શબ્દ :

શા	ત	ઘી
ળા	મ	ક
ન	દ	ર

પ્રશ્ન : 6 નીચે આપેલા વિષય પર નિબંધ લખો. (G6.7.6) (કોઈ પણ એક) **(05)**

1. જો મને અવકાશમાં જવા મળે તો...
2. જો તમે શિક્ષક હોય તો....
3. તમારી સાઈકલ ઊડી શકતી હોય તો...

પ્રશ્ન : 7 કોઈ એક વિષય પર રજાચિઠ્ઠી લખો. (G6.9.8) (કોઈ પણ એક) **(05)**

1. તમારા મોટા ભાઈ/બહેનનાં લગ્ન હોવાથી તમારે ત્રણ દિવસ બહારગામ જવાનું છે. આ માટે ત્રણ દિવસની રજા મંજૂર કરવા તમારા વર્ગશિક્ષકને રજાચિઠ્ઠી લખો.

2. તમને ગઈકાલ રાતથી ખૂબ તાવ આવે છે અને ડૉક્ટરે આરામ કરવાની સલાહ આપી છે. તેથી આજે શાળાએ આવી શકો તેમ નથી, આ અંગેની જાણ કરતી રજાચિઠ્ઠી વર્ગશિક્ષકને લખો.

શ્રી_____શાળા તા._____જિ._____.

વિષય :- ગુજરાતી ત્રિમાસીક કસોટી ધોરણ :- 7 કુલ ગુણ : 40

==========

પ્રશ્ન-૧. આપેલ ફકરાને આધારે પ્રશ્નોના જવાબ આપો . (૦૪)

એક અનોખી સાંજે બાર વર્ષનો આદિત્ય અને તેની તેર વર્ષની બહેન પ્રિયા તેમના દાદાના જૂના ઘરમાં રમતાં હતાં. અચાનક તેમને એક ધૂળિયા ખૂણામાં એક વિચિત્ર ઘડિયાળ મળી. તે કોઈ સામાન્ય ઘડિયાળ નહોતી; તેના પર અવનવા પ્રતીકો અને ચક્રો કોતરેલાં હતાં. પ્રિયાએ તેને હાથમાં લીધી અને તરત જ એક બટન દબાવ્યું. તેમ કરવાથી એક તેજસ્વી પ્રકાશ ફેલાયો અને આંખના પલકારામાં તેઓ એક અલગ જ દુનિયામાં પહોંચી ગયાં ! તેઓ એક પ્રાચીન જંગલમાં હતાં, જ્યાં ડાયનાસોર જેવા વિચિત્ર જીવો ફરતા હતા. આદિત્ય અને પ્રિયા આશ્ચર્યચકિત થઈ ગયાં. તેમણે જોયું કે ડાયનાસોર તેમની તરફ આવી રહ્યા છે. તેઓ ગભરાઈને ભાગવા લાગ્યાં. ભાગતાં-ભાગતાં તેમને ઘડિયાળ યાદ આવી. આદિત્યએ ઝડપથી એક ચક્ર ફેરવ્યું અને બીજું બટન દબાવ્યું. ફરી એકવાર પ્રકાશ થયો અને તેઓ પાછા તેમના દાદાના ઘરના એ જ ધૂળિયા ખૂણામાં હતાં. હાંફતાં હાંફતાં તેમણે એકબીજા સામે જોયું. આ ઘટનાએ તેમને શીખવ્યું કે દુનિયામાં ઘણાં રહસ્યો છુપાયેલા હોઈ શકે છે અને સાહસની સાથે સાથે સાવચેતી પણ એટલી જરૂરી છે. તેમણે નક્કી કર્યું કે તેઓ આ રહસ્યમય ઘડિયાળને સુરક્ષિત રાખીને ભવિષ્યમાં વધુ શોધખોળ કરશે, પણ વધુ સમજદારી સાથે!

પ્રશ્નો :

૧. ડાયનાસોરને જોઈને આદિત્ય અને પ્રિયાએ ભાગવાનો નિર્ણય કેમ લીધો હશે?

A. તેમને મોડું થતું હતું. B. તેઓ ગભરાઈ ગયા હતાં.

C. તેઓ રમત રમતાં હતાં. D. તેમને ડર હતો કે દાદા તેમના પર ગુસ્સે થશે.

૨. આદિત્ય અને પ્રિયાનો ઘડિયાળને સુરક્ષિત રાખવાનો નિર્ણય કેમ યોગ્ય હતો?

A. તે કીમતી હતી. B. તે રહસ્યમય અને ઉપયોગી હતી.

C. દાદાને ગમતી હતી. D. તે વિચિત્ર હતી.

૩. પ્રિયા અને આદિત્યએ ભવિષ્યમાં વધુ સમજદારીથી શોધખોળ કરવાનો નિર્ણય કેમ લીધો?

A. તેઓ ડરી ગયાં હતાં. B. તેમને અનુભવથી શીખવા મળ્યું.

C. તેમને શોધખોળ કરવી ગમતી હતી. D. ઘડિયાળ કામ કરતી ન હતી.

૪. વાર્તામાં ઘડિયાળની સૌથી વિશેષ બાબત કઈ હતી?

A. તે ખૂબ જૂની હતી. B. તે સમય બતાવતી હતી.

C. તે બીજી દુનિયામાં લઈ જતી હતી. D. તે સોનાની હતી.

પ્રશ્ન-૨. આપેલ વાર્તાને આધારે પ્રશ્નોના જવાબ આપો. **(૦૪)**

એક ગામ હતું. ગામમાં એક કીડી રહેતી હતી. તે ખૂબ મહેનતુ અને સમજદાર હતી. રોજ વહેલી ઊઠી દાણા ભેગા કરે ને ઘરમાં સાચવે. તે વિચારતી, "અત્યારે મહેનત કરી લઉં, ખોરાક ભેગો કરી લઉં તો વરસાદ આવે ત્યારે આરામથી ખાવા મળશે." એ જ ગામમાં એક તીડ પણ હતું. તીડને કામ કરવું ગમતું નહીં. તેને માત્ર ગીતો ગાવાં, વાયોલીન વગાડવું અને મજા કરવાનું ગમતું. એક દિવસ કીડીને ઊભી રાખી. તીડ મસ્તીથી ગીત ગાવા લાગ્યું. તે બોલ્યું, "કીડીબેન, કામ છોડો અને મારું મજાનું ગીત સાંભળો." કીડી હસવા લાગી અને બોલી, "તીડભાઈ, તમારું ગીત સરસ છે, પણ હું રોકાઈ શકું તેમ નથી. થોડા જ દિવસોમાં ચોમાસું શરૂ થઈ જશે. હવે ખાવાનું ભેગું કરવું બહુ જરૂરી છે. નહીંતર ભૂખે મરવાનો વારો આવશે." થોડા દિવસો પછી આકાશમાં કાળાં વાદળો ઘેરાયાં. વીજળી ચમકવા લાગી. ધોધમાર વરસાદ પડવા લાગ્યો. તીડને ભૂખ લાગી. તે ખોરાકની શોધમાં બહાર નીકળ્યું. બધાં ઝાડ-પાન ભીંજાઈ ગયાં હતાં. જમીન પણ ભીની થઈ ગઈ હતી. બધે પાણી જ પાણી થઈ ગયું હતું. તે ખોરાકની શોધમાં ઘણું રખડ્યું, પરંતુ અનાજનો એક પણ દાણો ન મળ્યો. તીડને અચાનક કીડી યાદ આવી. તીડ કીડીની પાસે જાય છે અને બધી વાત કરે છે. આ સાંભળી કીડી ખાવાનું આપે છે. તીડે કહ્યું, "તે હવેથી મહેનત કરશે અને બીજાની સાચી સલાહ સ્વીકારશે." અંતે તીડે કીડીનો આભાર માન્યો ને પોતાના ઘરે ગયું.

પ્રશ્નો :

૧. કીડીનો નિત્યક્રમ જણાવો.

A. ગીત ગાતી હતી B. કચરો વાળતી હતી C. દાણા ભેગા કરીને સાચવતી હતી D. ચાલવા જતી હતી

૨. કીડીના મતે ભૂખે મરવાનો વારો ક્યારે આવે?

A. ઘરમાં મહેમાન આવે ત્યારે B. રસોઈ બનાવતા ન આવડતું હોય ત્યારે

C. વરસાદમાં ખાવાનું ન મળે ત્યારે D. વધારે અનાજ બગાડીએ ત્યારે

૩. વરસાદ પડે ત્યારે કઈ ઘટના બનતી નથી?

A. કાળાં વાદળો ઘેરાય છે B. વીજળી ચમકવા લાગે છે

C. ધોધમાર વરસાદ પડે છે D. વધારે ગરમી લાગે છે

૪. તીડનો સ્વભાવ તમારા મતે કેવો છે?

A. મહેનતુ B. આળસુ C. ગુસ્સાવાળો D. શાંત

પ્રશ્ન-૩. જાહેરાત/પોસ્ટરને આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. **(૦૪)**



પ્રશ્નો :

૧. રમેશ (ઉંમર ૩૦ વર્ષ) અને તેનો ૧૦ વર્ષનો પુત્ર રાધનપુરથી અમદાવાદ એક્સપ્રેસ બસમાં ઓનલાઈન ટિકિટ બુક કરે છે. તેમણે કુલ કેટલું ભાડું ચૂકવવું પડશે?

A. એકસો એંસી B. એકસો બાસઠ C. બસ્સો D. બસ્સો સોળ

૨. અમદાવાદ જતી બસનો મુસાફરી સમય કેટલો છે?

A. ૪ કલાક B. ૪ કલાક ૧૫ મિનિટ C. ૪ કલાક ૩૦ મિનિટ D. ૫ કલાક

૩. ઓનલાઈન બુકિંગનો લાભ કઈ બસોમાં મળે છે?

A. ફક્ત લોકલ બસ B. ફક્ત એક્સપ્રેસ બસ C. એક્સપ્રેસ અને સ્લીપર D. તમામ બસોમાં

૪. એક મુસાફરે બસ સ્ટેશન પર કચરો ફેંક્યો અને પછી થૂંક્યો તો સૂચના મુજબ તેના પર શું કાર્યવાહી થઈ શકે?

A. ચેતવણી આપવામાં આવશે B. બસો રૂપિયા દંડ થઈ શકે

C. મુસાફરી રદ થશે D. અડધી ટિકિટ મળશે

પ્રશ્ન-૪. નીચે આપેલાં વાક્યોમાંથી ભૂલ શોધી સુધારીને ફરીથી લખો. **(૦૬)**

૧. અમારા ગામનું ખેતર લીલાછમ પાકોથી ભરાયેલાં છે.

૨. મારા મનપસંદ ફળો કેરી સફરજન દ્રાક્ષ અને કેળાં છે.

૩. હું આજે શાળાએ ગયો નહીં પરંતુ મારી તબિયત સારી ન હતી.

૪. શાબાશ. તું પરીક્ષામાં પ્રથમ આવ્યો.

૫. રાજા ખાટલામાં બેસીની રાજ્યની કામકાજ સંભાળે હતી.

૬. હું રમવા જવા માંગતો હતો તેથી વરસાદ શરૂ થઈ ગયો.

પ્રશ્ન-૫ (અ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ આપો. **(૦૬)**

૧. તમને પ્રાણી પાળવું ગમે કે પક્ષી? કેમ?

૨. તમારા ગામમાં કોઈ દવાખાનું જ ન હોય તો?

૩. તમારા ગામ/શહેરમાં કઈ સગવડ હોય તો તમને ગમે? કેમ?

પ્રશ્ન-૫ (બ) માંગ્યા મુજબ જવાબ આપો. **(૦૬)**

૧. કાળા પાણીની સજા - અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

૨. કામધેનુ - અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

૩. કૌંસમાં આપેલ શબ્દો પૈકીના કોઈપણ બે શબ્દો લઈ બે પ્રશ્ન વાક્યો બનાવો:

વિકલ્પ શબ્દો: (શાનો, કોને, ક્યાં)

વાક્ય: "માનવને સિક્કા ભેગા કરવાનો શોખ છે."

પ્રશ્ન-૬ (અ) અધૂરી વાર્તા પૂર્ણ કરો. **(૦૫)**

આરવ રોજ બ્રશ કરવામાં આળસ કરતો હતો. એક રાત્રે તેના દાંતમાંથી નાના નાના જીવડાં બહાર આવવા લાગ્યાં. તે મોટેથી હસીને કહેવા લાગ્યાં, "જો તું રોજ બ્રશ નહીં કરે તો અમે તારા દાંતમાં અમારું ઘર બનાવી દઈશું" અને પછી.....

પ્રશ્ન-૬ (બ) નીચે આપેલ સૂક્તિ સવિસ્તાર ઉદાહરણ સાથે સમજાવો. (કોઈપણ એક) **(૦૫)**

૧. 'નિષ્ફળતા એ સફળતાની ચાવી છે.'

૨. 'ઝાઝા હાથ રળિયામણા'

શ્રી_____શાળા તા._____ જિ._____.

વિષય :- ગુજરાતી ત્રિમાસીક કસોટી ધોરણ :- 8 કુલ ગુણ : 40

==========

પ્રશ્ન-૧. આપેલા ફકરાને આધારે પ્રશ્નોના જવાબ આપો. (૦૪)

આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ માણસનું જીવન અત્યંત સરળ અને ઝડપી બનાવી દીધું છે. આજે સ્માર્ટફોન, લેપટોપ અને ડિજિટલ ઉપકરણો વિનાના જીવનની કલ્પના કરવી પણ અશક્ય લાગે છે. દર વર્ષે લાખોની સંખ્યામાં નવા મૉડલ બજારમાં આવે છે અને માણસ 'અપગ્રેડ' થવાની દોડમાં જૂનાં ઉપકરણોને ફગાવી દે છે. પરંતુ આ આભાસી પ્રગતિ પાછળ એક કાળું સત્ય છુપાયેલું છે, જેને આપણે 'ઈ-વેસ્ટ' (ઇલેક્ટ્રોનિક કચરો) કહીએ છીએ.

ઇલેક્ટ્રોનિક વસ્તુઓમાં સીસું (Lead), પારો (Mercury) અને કેડમિયમ જેવા ઝેરી તત્ત્વો હોય છે. જ્યારે આ કચરો વૈજ્ઞાનિક પદ્ધતિથી રિસાયકલ કરવાને બદલે ખુલ્લાં મેદાનોમાં ફેંકી દેવામાં આવે છે, ત્યારે તે ધીમે-ધીમે જમીનમાં ઉતરીને ભૂગર્ભ જળને ઝેરી બનાવે છે. વળી, ઈ-વેસ્ટને બાળવાથી હવામાં એવા વાયુઓ ભળે છે જે શ્વસનતંત્રને કાયમી નુકસાન પહોંચાડે છે. રસપ્રદ વાત એ છે કે, આ ડિજિટલ ક્રાંતિનો સૌથી મોટો હિસ્સો વિકસિત દેશો વાપરે છે, પરંતુ તેનો ભંગાર વિકાસશીલ કે ગરીબ દેશોમાં 'સેકન્ડ હેન્ડ સામાન' અથવા 'દાન'ના નામે ઠાલવવામાં આવે છે. ત્યાં ગરીબ મજૂરો અને નાના બાળકો કોઈ પણ સુરક્ષા સાધનો વિના, માત્ર થોડા રૂપિયા કમાવવા માટે આ ઝેરી કચરામાંથી સોનું, તાંબું જેવી કીમતી ધાતુઓ અલગ કરવાનું જોખમી કામ કરે છે. ટેકનોલોજી આપણને આખી દુનિયા સાથે જોડે છે, પણ એ જ ટેકનોલોજી આપણી પોતાની જ ધરતીના અસ્તિત્વને તોડી રહી છે. હવે સવાલ એ નથી કે આપણને નવી ટેકનોલોજી જોઈએ છે કે નહીં, સવાલ એ છે કે શું આપણે તેની કિંમત ચૂકવવા ખરેખર સક્ષમ છીએ?

પ્રશ્નો :

૧. ફકરામાં પ્રગતિ માટે 'આભાસી પ્રગતિ' એવો શબ્દપ્રયોગ કેમ કરવામાં આવ્યો છે?

A. કારણ કે ટેકનોલોજીના કારણે મનુષ્યનું જીવન પહેલા કરતાં વધુ મુશ્કેલ બની ગયું છે.

B. કારણ કે જેને આપણે વિકાસ સમજી રહ્યા છીએ, તે વાસ્તવમાં લાંબા ગાળે વિનાશ તરફ દોરી જાય છે.

C. કારણ કે બજારમાં આવતા સ્માર્ટફોન અને લેપટોપના નવા મૉડલ માત્ર આભાસ હોય છે.

D. કારણ કે વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી માણસે કુદરત પર સંપૂર્ણ વિજય મેળવી લીધો છે.

૨. વિકસિત દેશો દ્વારા ગરીબ દેશોમાં 'દાન' કે 'સેકન્ડ હેન્ડ સામાન' ના નામે ઈ-વેસ્ટ ઠાલવવાની પ્રક્રિયા શું દર્શાવે છે?

A. ગરીબ દેશોના ડિજિટલ વિકાસ માટે વિકસિત દેશોની ઉદારતા અને ચિંતા.

B. આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ચુસ્ત પાલન અને પર્યાવરણની સુરક્ષા.

C. પોતાનો કચરો બીજાના આંગણે નાખીને પર્યાવરણીય નુકસાનમાંથી બચી જવાની સ્વાર્થી માનસિકતા.

D. ગરીબ દેશોના મજૂરો અને બાળકોને રોજગારી આપવાનો એક સરાહનીય પ્રયાસ.

૩. ફકરાની છેલ્લી પંક્તિ : "શું આપણે તેની કિંમત ચૂકવવા ખરેખર સક્ષમ છીએ?" - આ વિધાન દ્વારા લેખક કઈ બાબત તરફ ઈશારો કરે છે?

A. નવા સ્માર્ટફોન અને લેપટોપ ખરીદવા માટે આપણી પાસે પૂરતા પૈસા નથી.

B. ગરીબ દેશોના મજૂરોને વળતર આપવા માટે વૈશ્વિક બેંકો પાસે ભંડોળ નથી.

C. ટેકનોલોજી કંપનીઓ ભવિષ્યમાં પોતાના ઉપકરણોની કિંમત ખૂબ વધારી દેવાની છે.

D. ડિજિટલ સુવિધાના બદલામાં આપણે આપણા સ્વાસ્થ્ય અને પૃથ્વીના અસ્તિત્વનો ભોગ આપી રહ્યા છીએ.

૪. ભૂગર્ભ જળ ઝેરી બનવા પાછળ મુખ્ય કયું કારણ જવાબદાર છે?

A. ઈલેક્ટ્રિક કચરામાંના ઝેરી પદાર્થો જમીનમાં ઊંડે ઊતરી ભૂગર્ભ જળમાં ભળવાથી

B. ઈલેક્ટ્રિક સાધનો બનાવવામાં પાણીનો વધુ ઉપયોગ થતો હોવાથી

C. ફેક્ટરીમાના ગંદા પાણીના કારણે

D. મોબાઈલ ટાવરો મેદાનમાં ઊભા કરી દેવાથી

પ્રશ્ન-૨ (અ). આપેલી વિગતોને વાંચીને પ્રશ્નોના જવાબ આપો. (૦૪)

[સિદ્ધસર પ્રાથમિક શાળા : પ્રગતિનો પ્રવેશોત્સવ-૨૦૨૬ અહેવાલ]

તા. ૨૫ જૂન, ૨૦૨૬ ના રોજ સિદ્ધસર પ્રાથમિક શાળા ખાતે 'પ્રગતિનો પ્રવેશોત્સવ-૨૦૨૬' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરથી પધારેલા સચિવ શ્રી મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ગામના સરપંચશ્રી, SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ) ના સભ્યો, વાલીગણ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

શાળાના તેજસ્વી વિદ્યાર્થી અને વિદ્યાર્થીની દ્વારા સુંદર સંચાલન કરવામાં આવેલું હતું. તેઓએ ખૂબ જ આત્મવિશ્વાસ સાથે કાર્યક્રમને આગળ ધપાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ વર્ષના પ્રવેશોત્સવમાં આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ માં પ્રવેશ મેળવતા ભૂલકાંઓને સચિવશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે શાળામાં પ્રવેશ અપાવી શૈક્ષણિક કિટ અર્પણ કરવામાં આવી હતી. આ તકે, સંચાલન કરી રહેલા વિદ્યાર્થીઓએ સરકારની વિવિધ મહત્વની યોજનાઓ અને પરીક્ષાઓની માહિતી આપી હતી. જેમાં પી.એમ. પોષણ (PM POSHAN) યોજના બાળકોના પોષણ અને સ્વાસ્થ્ય માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતી આ યોજના વિશે વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા, 'કોમન એન્ટ્રન્સ ટેસ્ટ' વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું, જેથી તેઓ અત્યારથી જ આ પરીક્ષા માટે સજ્જ થઈ શકે.

આ ઉપરાંત વિનામૂલ્યે ગણવેશ, પાઠ્યપુસ્તક સહાય અને શિષ્યવૃત્તિ યોજનાઓ વિશે પણ વાલીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ, શાળાની શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાનના હસ્તે પ્રોત્સાહક ઈનામો અને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સચિવશ્રીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, બાળકોનો મજબૂત પાયો જ રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે છે. તેમણે શાળાના વિકાસમાં SMC ના સભ્યોની સક્રિય ભૂમિકા અને તેમના યોગદાનની વિશેષ પ્રશંસા કરી હતી.

અંતમાં, આભારવિધિ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રવેશોત્સવ માત્ર એક કાર્યક્રમ બનીને ન રહેતા, શાળા, વાલીઓ અને સમુદાય વચ્ચે એક મજબૂત અને પ્રોત્સાહક સેતુસમાન સાબિત થયો હતો.

પ્રશ્નો :

૧. સચિવશ્રીના ઉદ્બોધન મુજબ, રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કેવી રીતે થઈ શકે?

A. માત્ર શાળાની ઈમારતના વિકાસથી

B. બાળકોના મજબૂત શૈક્ષણિક પાયા દ્વારા

C. ગામના સરપંચના યોગદાન દ્વારા

D. માત્ર નવી યોજનાઓના અમલીકરણથી

૨. SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ) ના સભ્યોની ભૂમિકાની પ્રશંસા કેમ કરવામાં આવી?

A. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો ગામના હોવાથી.

B. તેઓ શાળાના વિકાસમાં સક્રિય ભૂમિકા અને યોગદાન આપે છે.

C. તેઓ પ્રગતિના પ્રવેશોત્સવ કાર્યક્રમનું સંચાલન કરતા હતા.

D. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો મહેમાનોને ઈનામો આપતા હતા.

૩. પ્રવેશોત્સવ કાર્યક્રમના સફળ સંચાલન પરથી વિદ્યાર્થીઓ વિશે શું કહી શકાય?

A. તેઓ ખૂબ જ આત્મવિશ્વાસુ હતા. B. તેમને વડીલોની મદદની જરૂર હતી.

C. તેઓ માત્ર પ્રાર્થના ગાઈ શકતા હતા. D. તેમને કોઈ અનુભવ નહોતો.

૪. જો તમારે શાળામાં આવતા નવા બાળકો માટે પ્રોત્સાહક વાતાવરણ બનાવવું હોય, તો તમે આપેલ અહેવાલમાંથી કઈ બાબતને શ્રેષ્ઠ ગણશો?

A. માત્ર મહેમાનોને બોલાવવા. B. શૈક્ષણિક કિટ અર્પણ કરીને તેમનું સન્માન કરવું.

C. માત્ર સરકારની યોજનાઓ વિશે ભાષણ આપવું. D. કાર્યક્રમને ટૂંકમાં પૂર્ણ કરવો.

પ્રશ્ન-૨ (બ). આપેલ પ્રકીર્ણના આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (૦૪)

દુધરેજ દૂધ સહકારી મંડળી

તા. સુંદરપુર જિ. આણંદ

સ્થાપના વર્ષ : 1995

- કુલ સભ્યો (પશુપાલકો) : 350 (જેમાં 180 મહિલા સભ્યો છે)
- દૈનિક એકત્રીકરણ : સવાર સાંજ થઈને કુલ 1200 લિટર દૂધ

સમય : સવારે 6 :00 થી 8 :30 સાંજે : 6 :00 થી 8 :00

- કૉમ્પ્યૂટર રાઇઝ સેમ્પલિંગ : ઓટોમેટિક મિલ્ક કલેક્શન યુનિટ (AMCU) દ્વારા
- દૂધનું વજન લિટરમાં થાય છે.
- મશીન દ્વારા દૂધના ફેટ અને SNF (સોલિડ નોટ ફેટ) મપાય છે
- પશુપાલકોને તુરંત રસીદ(સ્લીપ) મળે છે.

- વર્ષમાં બે વખત ~ એપ્રિલ અને ડિસેમ્બર માસમાં પશુધનની જાળવણી - સંવર્ધન માટે, પશુપાલકોને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે.

પ્રશ્નો :

૧. પશુપાલકે દૈનિક કેટલું દૂધ જમા કરાવ્યું તે શેના પરથી જાણી શકશે?

A. દૂધના સાધનો પરથી B. દૂધ મંડળી સામે થયેલી લાઈન પરથી

C. હાજરી પૂરવામાં આવે છે તે પરથી D. દૂધ જમા કરાવ્યા બાદ મળતી રસીદ પરથી

૨. દૂધની ગુણવત્તા ચકાસણી કોના દ્વારા ચકાસવામાં આવે છે?

A. કૉમ્પ્યુટરથી B. સોલિડ નોટ ફેટથી C. દૂધ અધિકારી દ્વારા દૂધ ચાખીને કે જોઈને D. AMCU દ્વારા

૩. સભ્યોને પશુપાલનની શા માટે તાલીમ આપવામાં આવે છે?

A. સભ્યપદ પાછું ન લઈ લે તે માટે B. ખેતીમાં પશુઓનો ઉપયોગ કરવા માટે

C. પશુઓની સંભાળ અને કાળજી કેવી રીતે લેવી તે માટે D. દૂધની બનાવટો બનાવવાની રીતો શીખવા માટે

૪. અહીં 'રસીદ' શબ્દ માટે કયો અંગ્રેજી શબ્દ વપરાયો છે?

A. સોલિડ B. ફેટ C. સેમ્પલિંગ D. સ્લીપ

પ્રશ્ન-૩. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **(૦૬)**

૧. ગુજરાતી મહિનામાંથી તમને સૌથી વધુ કયો મહિનો ગમે? શા માટે?

૨. ઈશ્વરનો આભાર શા માટે માનવો જોઈએ?

૩. તમે કરેલ પ્રથમ સાઈકલ સવારીનો અનુભવ જણાવો.

પ્રશ્ન-૪. નીચે આપેલા શબ્દોના ધ્વવન છૂટા પડેલા છે તેને ભેગા કરો અને ભેગા છે તેને છૂટા પાડીને લખો. **(૦૬)**

ઉદાહરણ : શિલા = શ્ + ઇ + લ્ + આ

ઉદાહરણ : વ્ + ઇ + ર્ + આ + જ્ + અ = વિરાજ

૧. કવિ = _____

૨. વિવિધ = _____

૩. સાગર = _____

૪. ક્ + એ + ક્ + આ + ર્ + અ + વ્ + અ = _____

૫. આ + ક્ + આ + શ્ + અ = _____

૬. ત્ + અ + ણ્ + અ + ખ્ + ઓ = _____

પ્રશ્ન-૫. ઉદાહરણમાંના રેખાંકિત શબ્દોથી વાક્યનો અર્થભેદ સમજો. આપેલા શબ્દોનો ઉપયોગ કરી આવાં બીજાં વાક્યો બનાવો. (૦૪)

ઉદાહરણ : આવકારો – જાકારો

વિદ્યાર્થીઓએ સારા વિચારોને મનમાં આવકારો આપવો જોઈએ.

વિદ્યાર્થીઓએ નબળા વિચારોને મનમાંથી જકારો આપવો જોઈએ.

૧. ધીરજ - ઉતાવળ

૨. સ્વચ્છ - ગંદું

૩. સત્ય – અસત્ય

પ્રશ્ન-૬. આપેલા વિષય ઉપર નિબંધ લખો. (કોઈ પણ એક) **(૦૬)**

૧. તમે વાંચેલા કોઈ એક પુસ્તકનો સારાંશ લખો.

૨. તમે વાંચેલા બાળવાર્તાના પુસ્તકનો સારાંશ લખો.

૩. તમે વાંચેલી વિજ્ઞાનકથાના પુસ્તકનો સારાંશ લખો.

પ્રશ્ન-૭. આપેલા વિષય ઉપર નિબંધ લખો. (કોઈ પણ એક) **(૦૬)**

૧. હું ને મારી સાઈકલ

૨. જો પરીક્ષા જ ન હોય તો

૩. વરસાદની જનજીવન પર અસર